# Telephone conversation between Prime Minister and Prime Minister of Thailand

May 01, 2020

## વડાપ્રધાન અને થાઈલેન્ડનાં વડાપ્રધાન વચ્ચે ટેલીફોન પર વાતચીત

મે 01, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ થાઈલેન્ડનાં વડાપ્રધાન મહામહિમ જનરલ (નિવૃત) પ્રાયુત ચાન-ઓ-ચા સાથે ટેલીફોન પર વાતચીત કરી હતી.

વડાપ્રધાને નવેમ્બર 2019 માં ASEAN અને સંબંધિત શિખર સંમેલનોમાં હાજરી આપવા લીધેલી બેંગકોકની મુલાકાતને સસ્નેહ યાદ કરી હતી, અને થાઈલેન્ડનાં રાજવી પરિવારનાં સભ્યો તથા થાઈ લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારીમાંથી બહાર આવવા તેઓનાં સંબંધિત દેશોમાં લેવામાં આવી રહેલા પગલાઓ પર માહિતીનું આદાન-પ્રદાન કર્યું હતું.

વડાપ્રધાને આ મહામારી સામે અસરકારક રીતે લડવા માટે પ્રાંતિય અને વૈશ્વિક સહકારની અગત્યતા વિશે બોલ્યા હતા. તેણે થાઈ વડાપ્રધાનને થાઈલેન્ડની ફાર્માસ્યુટિકલ આવશ્યકતાઓમાં સહાય કરવા ભારતની કટિબદ્ધતાની ખાતરી આપી હતી.

નેતાઓ બન્ને દેશોનાં સંશોધકો, વૈજ્ઞાનિકો અને નવિનિકરણ કર્તાઓ વચ્ચે વધારે મોટા જોડાણની ઇચ્છનિયતા પર સંમત થયા હતા.

નેતાઓએ એકબીજાનાં પ્રદેશોમાં તેઓનાં નાગરિકોને પ્રદાન કરવામાં આવેલી સુવિધાઓની પ્રશંસા કરી હતી, અને આવો સહકાર ચાલું રાખવાનાં વચન આપ્યા હતા.

થાઈલેન્ડ વંશિય અને પ્રાચીન સાંસ્કૃતિક જોડાણો સાથે ભારતનાં બૃહદ પાડોશીઓમાં મૂલ્યવાન દરિયાઇ સાથીદાર છે.

**નવી દિલ્હી**
**મે 01, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.